# આટાનો સુરજ

--રતીલાલ 'અનીલ'

મારી મા આટાનો સુરજ બે હથેળી વચ્ચે ઘડતી, હા, આટાનો સુરજ ! સફેદ સફેદ, ગોળ ગોળ અને હું જોયા કરતો એ લથબથ આટાનો સુરજ, એ બે હાથ વચ્ચે ફરતો, ઘડાતો અને ગોળ ગોળ બનતો... હાથના એ થપથપાટમાં માતાનું વહાલ હતું. જ્યારે એ ઘડાતો ત્યારે લાગતું આજે જરુર સુરજ ઉગ્યો છે. વાદળાં જેવું કશું આવરણ નથી. ખાસ્સો ઉજાસ છે અને દીવસ દેખાય છે, હું દેખાઉં છું, મા દેખાય છે... દીવસ ઉગ્યાની જાણ ત્યારે આ શીશુને મારી મા આટાનો સફેદ સુરજ ઘડતી ત્યારે થતી... અમે દીવાના અજવાળે જોતાં તો કેટલું મોડે શીખ્યા ! અમને શીખવાડવામાં આવ્યું ત્યારે. તે ય થોડું થોડું ! અમને તો ચુલો ઉગે ત્યારે દીવસ ઉગવાનો એવું લાગતું... માણસનો સુરજ ઉગ્યો એની માએ બંને હાથે આટાનો સુરજ ઘડવા માંડ્યો ત્યારે જાણ થઈ ! તે પહેલાં તો પેલા પશુ જેમ આમતેમ હડી કાઢી, ઝપટી, ઝાપટ મારી કંઈ ખાઈ લેતા. આ આદીમ લોક હતો. આ મારો લોક... માએ આટાનો સુરજ ઘડવા માંડ્યો ત્યારે મનુષ્યલોક બન્યો.

માણસે પહેલાં ચુલો સળગાવ્યો, તે પછી એને લાગ્યું કે દીવો કરું. પહેલાં તો ચુલાના અજવાળે એકબીજાના મોઢાં જોઈ લેતા... એના પર નાચતા પ્રકાશના ઓળા જોઈ રહેતા, ધુમાડો થાય ત્યારે સુરજગ્રહણ જેવું લાગે પણ મા ચુલામાં ફુંક મારે, પછી ખાંસે અને મોઢું તણાય પછી ગ્રહણ છુટી જાય... એ માટે બ્રાહ્મણને કે અંત્યજને દાન કરવું પડતું નહીં. ઘડાતા સુરજને અમે વીસ્મયથી નહીં, આશાથી નહીં; પણ બસ જોઈ રહેલા... અમે મંદીર બંધાતું હતું ત્યારે ઘડાતા ઈશ્વરને પણ જોયો હતો... હતો તે લંબચોરસ પથ્થર, ઘડનારને લાગતું કે એના મુળ આકાર આસપાસ થર જામી ગયા છે તે દુર કરું એટલે ઈશ્વર પ્રગટ થશે; પણ એ કામ બે ટાંકણા ને હથોડી લઈને કરતો તે કંઈ ગમતું નહિ, આ મારી મા લોટના પીણ્ડમાં છુપાયેલા સુરજને વહાલથી થપથપાવીને પ્રગટ કરે છે એવું કંઈ એમને કેમ આવડતું નહીં હોય ? એ તો 'કળાકાર' કહેવાય છે, અને મા તો બસ 'મા' છે, એથી વીશેષ કંઈ નહીં, આટાના સુરજની પણ એ માતા જ ને ? આ સુરજને રોજ રોજ ઘડવો પડે છે શા માટે ? માતા પોતાના અસ્તીત્વ માટે, પોતાના જીવન માટે, માતૃત્વ માટે અનીવાર્ય માનતી હશે... સુરજ રોજ ઉગવો જોઈએ માતૃત્વ જીવન્ત, અખંડ રાખવા માટે. પેલો કહેવાતો સુરજ કહે છે કે આથમે છે ત્યારે વળી મા આટાના સુરજને બંને હાથે આમ તેમ કરી, એને મલાવી મલાવીને ઘડે છે... પેલો મુર્તીકાર પુરુષ છે. મુર્તી પુરુષની કઠોરતાથી કદી ઓગળતી નથી, એ ઈશ્વરને પણ કઠોરતાથી ઘડે છે. આટાનો સુરજ ઘડાય ત્યારે કેવો, રસ પડે એવો, બસ સાંભળ્યા કરીએ એવો ધ્વની આવે છે... એમાં જીવનનો લય અને યતીનો અનુભવ થાય છે... દુર સડક પરથી ચાલ્યા જતા સુરજના ઘોડાની ટાપ પણ માના એ થપથપાટમાં સંભળાય...

પેલા ખ્રીસ્તીઓ તો ઈશ્વરને પીતા અને ઈસુને ઈશ્વરનો પુત્ર કહે છે; પણ મને તો એ મેરીનો દીકરો જ લાગે છે. એ પીતાના પુત્ર કરતાં મેરીનો પુત્ર વધારે લાગે છે... હા, સાચું કહું છું, સાચું કહું છું, પીતા કઠોર જ હોય છે, કઠોર, એ સખ્તાઈથી ઘડે છે. પેલો મુર્તીકાર હથોડી અને ટાંકણાથી મંદીરના ઈશ્વરને ઘડે છે તેમ જ... એ પીણ્ડ આસપાસના થરને થપથપાવી વહાલથી કંઈ ઘડી શકતો નથી... આવો કરુણાળુ ઈસુ પીતાએ ઘડ્યો હોય ? ના, ના, આટાનો સુરજ ઘડતી મેરીએ જ વહાલથી એને ઘડ્યો હશે. પીણ્ડને શી રીતે ઘડવો એ માતા જ જાણે છે, માતા જ જાણે છે. પીતા પીણ્ડને હાથમાં લે છે, ત્યારે પણ મારે પથરાને જ ઘડવાનો છે એવું માને છે અને મા પથરાને હાથમાં લે છે ત્યારે મારે સ્વાદીષ્ટ ચટણી જ લસોટવાની છે એમ માને છે... અને એકલય બને છે... ગોળ પથરો આગળ જાય, પાછળ જાય અને ચટણી લસોટાય... મા જાણે ચટણીને નહીં, એક લયને લસોટે છે, લયને... મેં પ્રથમ વાર ઘડીયાળનું લોલક જોયું એ પહેલાં એનો લય આ લસોટાતા લયમાં જોયો હતો.

આ ભદ્ર લોકોની રોટલી સાચું કહું છું, મને ગમતી નથી. જુવારના સફેદ સફેદ, બારસી જુવારના રોટલાથી મારો પીણ્ડ ઘડાયો છે, એ સુરજ મારો જઠરાગ્ની બન્યો હતો...એમાં સર્જનનો લય હતો. બંને હાથમાં આમતેમ ઝુલતો, થપથપાવાતો. ચુલાના અજવાળે એ કાંતીમાન લાગતો અને થપ્પ દઈને કલેડે પડતો, તવેથાથી ફેરવાતો, અને તેની સુગંધ આવતી તે જઠરાગ્નીને આતુર કરી મુકતી... એવું કશું આ રોટલીમાં નથી. એ ઘડાતી નથી, વણાય છે... એ પ્રોડક્ટ લાગે છે, માના હાથનું એમાં ઘડતર નથી.

અમારે દીવાટાણું નહોતું થયું. દીવાટાણું તો આ રોટલી આવી ત્યારે થવા લાગ્યું. માના વખતમાં તો ચુલાટાણું થતું. ચુલાના અજવાળે અમારા ચહેરા મા જોતી... પછી એ કહેતી : ફુંક માર તો ભઈલા... અને અમે ધુમાડા ભેગી રાખ પણ ઉડાડતા ! બાળકો આમેય મસ્તીખોર ન થાય તો તે બાળક નહીં ! અમે તો મસ્તી ભુલી જવાની હોય ત્યારે જ પીતા પાસે જતા. પીતા કઠોર વ્યવસ્થાનું પ્રતીક, વ્યાકરણનો એક કઠોર નીયમ, સમાસ કરતી વખતે બંને શબ્દને જોડે નહીં, પુરુષ–પીતા બને નહીં, પુરુષ-પીતા એવી જોડણી સ્વીકારે. સમાસમાં પણ અંતર રાખે. પ્રત્યયની જેમ માના વાંસે ઝુલી શકાય, પીતાના વાંસે ? જોખમ તો ખરું જ. માને પ્રત્યયનો બોજ લાગતો નથી, એ એને પોતાનું જ અભીન્ન અંગ માને છે.

ખરેખર આટાનો સુરજ ઘડાતો એ સમય 'ટાણું ' લાગતું. બહાર રઝળવા ગયા હોઈએ અને અલગ અલગ રહેતા પુત્રો-પુત્રવધુને ન્યુ ઈયર સાંભરે અને માની પાસે ડીનરટેબલ પર ભેગાં થઈ જાય એમ અમારે માટે સાંજ એ ન્યુ ઈયરનું ટાણું થઈ જતું ! અમે ગમે ત્યાં હોઈએ પણ ટાણે હાજર થઈ જઈએ, મા પાસે – 'ચુલા પાસે' એ તો અ-કવીના શબ્દો છે.

આટાનો સુરજ ઘડાતો માના વહાલસોયા હાથે. ત્યારે રોજ રોજ ટાણું આવતું, એ માટે કેલેન્ડર–પંચાંગ જોવા પડતાં નહીં...ના, નહીં જ વળી. અમારા ચહેરા ચુલાના અજવાળે કાંતીમય થતા–થયા. અમને મહેનતુ કહેવાતા માણસોને એ અજવાળાએ જ કાંતી આપી. હા, પહેલા મા કપાસનું રુ લઈને પુમડું બનાવતી, એને ઘીવાળું કરી, કોડીયામાં મુકી, પ્રગટાવી એનું સૌમ્ય તેજ ચહેરે ઝીલી, બે હાથ જોડી, તે પછી જ ચુલો પ્રગટાવતી, પણ એ દીવો કરવામાં મોડું થતું અને અમે અકળાઈ ઉઠતા... પહેલા દીવો, પછી ચુલો...એ ક્રમ માને સમજાતો, અમને નહીં. દીવાટાણું, ચુલાટાણું...અમે તો માત્ર 'ટાણું ' યાદ રાખતા, એ જ યાદ રહેતું. નાતાલની રાતે વીખેરાઈને રહેતો ખ્રીસ્તી પરીવાર મા-બાપને ત્યાં ડીનરટેબલ પર ભેગો થઈ જાય એમ અમે બધાં સાંજે ચુલા આસપાસ...માની આસપાસ ભેગા થઈ જતાં...અમને જીવનની ગંધ આવવા માંડતી...એવું તે શું થયું કે હવે જીજીવીષાની ગંધ સાંજટાણે આવે છે ? પેલી મા-હા, 'પેલી ', 'આ રહી મા ' કહેવાનો અવસર તો નીકળી ગયો , ગયો, ગયો ને ગયો જ તે...જીવનની ગંધ ઉછરતા; ઉગમ પામતા જીવનની ગંધ... ઉગતા સુરજની ગંધ...માના હાથે ઘડાતા આટાના સુરજ અને અશ્વીનીકુમારના ધડતરની ગંધ...

હવે અધીરતાને ક્રીયામાં જોડી તેને સૌમ્ય કરવા કોઈ કહેતું નથી : 'ચાલ, હાથપગ ધોઈ આવ, કાંધી પરથી થાળી ઉતાર, લુછ, અને લઈને બેસી જા... ' આટાનો સફેદ સુરજ પણ ઘડાતો નથી, રોટલી શી રીતે વણાય છે તેયે જોતો નથી -જાણતો નથી, ટાણું આવે છે કે નથી આવતું તેયે જાણતો નથી, હાક પડે છે : 'જમવા ચાલો' અને ટેવથી બોલી જવાય છે 'અવાય છે હવે...એમ કરો, અહીં જ થોડું મોકલી આપો...' ડીલીવરી...ડ્રોઈંગરુમમાં ડીલીવરી... મોઢા પર ઈલેક્ટ્રીક બલ્બની રોશની લીંપી છે. ચુલાનું નાચતું અજવાળું મોઢા પર પણ પ્રતીછાયા કે ઓળા રુપે નાચતું તે માની સાથે ગયું... 'આપણા' ને 'પેલાં ' કહેવા પડે, નજીકને દુર કહેવું પડે, હાથવગા સુરજને 'પેલ્લો દુર દુર દેખાય એ સુરજ...' કહેવું પડે એ કેટલું વસમું હોય છે... 'વસમાં વળામણાં' રણે જતા પુરુષને જ શું હોય છે ? પોતીકાં, પોતીકાપણું લેતાં જાય છે, એ જ વીરહ છે, એ જ વીરહ છે, જુદાઈ છે. ◆


**શ્રી. રતીલાલ 'અનીલ'** લીખીત અને **'સાહીત્ય અકાદમી'**ના પુરસ્કારપ્રાપ્ત પુસ્તક **'આટાનો સુરજ'**માંથી સાભાર…પ્રકાશકઃ 'કંકાવટી' પ્રકાશન, ૧૩-૧૪, સાંઈ સમર્પણ સોસાયટી, આર્શીવાદ ટાઉનશીપ-૧ પાછળ, બમરોલી રોડ, **ઉધના, સુરત-394 210,** ઑગસ્ટ, ૨૦૦૨- **મુલ્ય રુપીયાઃ 150**

--**રતીલાલ 'અનીલ' સંપર્ક :** ૧૩-૧૪,સાંઈ સમર્પણ સોસાયટી, આર્શીવાદ ટાઉનશીપ-૧ પાછળ, બમરોલી રોડ, **ઉધના, સુરત-394 210** **ફોનઃ 91-261-275 9293.**

**શ્રી. રતીલાલ 'અનીલ'**નો પુર્ણ પરીચય પામવા અને કૃતીઓ માણવા એમની વેબ સાઈટ **http://ratilalanil.tripod.com** નીહાળો. (નીર્માતાઃ જયેશ જરીવાળા-સુરત : jayeshjari@gmail.com)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૮૯ -- ફેબ્રુઆરી ૧૮, ૨૦૦૭ માટે 'ઉંઝાજોડણી'માં અને 'વીજયા ફોન્ટ'માં
સાભાર અક્ષરાંકન-સૌજન્ય : મીત્ર શ્રી. રમેશ શાહ-સુરત shahrameshb@gmail.com અને
ramesh_pathshala@yahoo.com

## લેખક પરીચય



'…**રતીલાલ-'અનીલ'** આપણા એક વરીષ્ઠ પત્રકાર ઉપરાંત કટાક્ષકાર, પત્રકાર અને પ્રશીષ્ટ નીબંધકાર પણ છે. તેમની સુદીર્ઘ ગઝલસેવાની કદર રુપે હજી એકાદ મહીના પહેલાં જ તેમને ગુજરાત સરકારનો રુ. એક લાખનો **'વલી ગુજરાતી પુરસ્કાર'** મળ્યો હતો. હવે તેમના નીબંધસંગ્રહ **'આટાનો સુરજ'**ને **'સાહીત્ય અકાદમી'**ના પુરસ્કારનું ગૌરવ પ્રાપ્ત થયું છે જે સાચે જ શત્ શત્ અભીનંદનને પાત્ર છે.

'…લગભગ સત્યાસી વર્ષની વયે પહોંચેલા રતીલાલ-'અનીલ'ની આજીવન સાહીત્યોપાસનાનું આ ઉમદા સુફળ છે. મોડી મોડી પણ સાહીત્યક્ષેત્રે એમની કદર થઈ આ આનંદનો વીષય છે. નહીંવત્ શાળેય શીક્ષણ પામેલા અને જીવનની શરુઆત વણાટકામના કારીગર તરીકે કરનાર રતીલાલ-'અનીલ'નું પુસ્તક દેશની સાહીત્ય અકાદમી દ્વારા પોંખાયું તે આપણા સાહીત્યક્ષેત્રની એક મહત્ત્વની ઘટના છે.

'...દૈનીક અને માસીક પત્રકારત્વનાં ઢગલાબંધ લખાણોની વચ્ચેય રતીલાલ-'અનીલે' તેમની સુક્ષ્મદર્શકતાને જાળવી રાખી, સતેજ કરી અને તે લલીત નીબંધરુપે પ્રગટ થઈ તેની પરીણતી તે 'આટાનો સુરજ'.

'...નીર્ણાયકો આ ઓછા જાણીતા પણ સત્ત્વશીલ પુસ્તકની વરણી સુધી પહોંચી શક્યા તે તેઓને માટે સંતોષની બાબત છે. રતીલાલ-'અનીલ'ને અનેકાનેક અભીનંદન.'

--ભગવતીકુમાર શર્મા

સુરતના દૈનીક **'ગુજરાતમીત્ર'**ના તંત્રીલેખમાંથી સાભાર..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૮૯ -- ફેબ્રુઆરી ૧૮, ૨૦૦૭

દર રવીવારે 'સન્ડે ઈ-મહેફીલ' મેળવવા લખોઃ uttamgajjar@hotmail.com

માત્ર બાર માસના ગાળામાં 2,00,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com> **લેક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ **લેક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ–મહેફીલ**ના સાડાત્રણ હજાર જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

**શ્રી. પ્રવીણ વાઘાણી** (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતું **'માતૃભાષા'** માસીક પણ હવે ત્યાં મુકાશે.


**Kindly send your suggestions to**
**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**


◆◆◆ *મધુરેણ સમાપયેત્* ◆◆◆




મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

**web site :** www.ameamericanamdavadi.com